

# SMCની અનોખી પહેલ

# કોઈના ચહેરાનું બની સ્મિત, બગીચાઓને કર્યા ગુલઝાર, કચરામાંથી બનાવ્યું બાયોગેસ

અત્યારે SMCની એક અનોખી પહેલ સુરતીઓમાં ચર્ચાનું કેન્દ્ર બની છે, કેટલાંય લોકોના ચહેરાનું સ્મિત બની છે. તમે શૉપ્સમાં કપડાં, બુક્સ ને રમકડાંની ખરીદી માટે જાવ છો ત્યારે રેક પર ડિસ્પ્લે કરવામાં આવેલી આ વસ્તુઓમાંથી તમારી પસંદની વસ્તુ લો છો. SMCની સેનિટેશન વોર્ડ ઓફિસોમાં એવા સેન્ટર ઉભા કરાયા છે જ્યાં રેક પર ડિસ્પ્લે કરવામાં આવેલી વસ્તુઓમાંથી કોઈપણ વ્યક્તિ પોતાની જરૂરિયાતની મનપસંદ વસ્તુઓ Free To Walk કરીને જરાક પણ હીંચકિચાહટ વગર લઈ જઈ શકે છે. આ વસ્તુઓ કોર્પોરેશન પાસે કઈ રીતે આવે છે ક્યાંથી આવે છે ? તેનો જવાબ પણ અમે તમને અહીં આપીશું. સાથે બીજી એક પહેલ જે હજી લોકોમાં જાણીતી નથી એ છે હોટેલ્સમાંથી નીકળતા કચરમાંથી બાયોગેસ ઉત્પાદનની. આ પહેલ પણ ભવિષ્યમાં લોકોની પેટ્રોલિયમ ઈંધણની જરૂરિયાતનો પર્યાય બનશે. તમને ખબર છે શહેરના કેટલાંક રોડ શહેરમાંથી નીકળતા એવા કચરામાંથી બન્યા છે જે કચરાનો નિકાલ એક સમયે ચિંતાનો વિષય હતો, દૂધની કોથળીઓમાંથી શું બનાવાય છે જે લોકોની ઘરની શોભા વધારે છે. આવી બીજી કેટલીક અનોખી પહેલની વાતો અમે અહીં તમારી સમક્ષ આ લેખના માધ્યમથી મૂકી રહ્યાં છીએ...

CREATIVE માઈન્ડ્સ



## જેમને જરૂર નથી તે આપી જાય અને જેમને જરૂર છે તે લઈ જાયની SMCની અનોખી પહેલ



SMCની અનોખી પહેલે અત્યારે સુરતીઓનું ધ્યાન ખેંચ્યું છે. કોર્પોરેશનની દરેકે દરેક સેનિટેશન વોર્ડ ઓફિસમાં કબાટ અને રેક મુકાયા છે. જેમને પોતાની પાસેના કપડાં કે રમકડાં, પગરખાં, પુસ્તકોની હવે જરૂર નથી રહી તેઓ આ વસ્તુઓ અહીં કબાટ કે રેકમાં મૂકી જાય છે. દાનમાં મળેલી આ વસ્તુઓ દરેક ઝોનમાં બનાવવામાં આવેલા કલેક્શન સેન્ટરમાં મુકાય છે. જુના કપડાં કે જૂતાનું અહીં જ રીપેરીંગ કામ થાય છે. જુના કપડામાંથી અહીં જ થેલીઓ બનાવાય છે. જેમને કપડાં, જૂતાની જરૂર છે તેઓ મુક્તપણે અહીં આવીને કોઈને પણ જાણ કર્યા આ વસ્તુઓ લઈ જાય છે. રમકડાં આંગણવાડીમાં આવતા બાળકોમાં વિતરણ કરાય છે. કપડાં અને અન્ય જરૂરતની વસ્તુઓ તથા ટોયઝ સ્લમ એરિયામાં સેનિટેશન સ્ટાફ ડિસ્ટ્રીબ્યુટ કરે છે. અહીં કબાટ કે રેકમાં ભગવાનના ફોટા, મૂર્તિઓ પણ લોકો મૂકી જતાં હોય છે. કોર્પોરેશને આ પહેલ દોઢ વર્ષ પહેલાં શરૂ કરી હતી. આ ઉમદા પહેલથી અનેક જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત રેલાય રહ્યું છે.





## ફ્લાવર્સ વેસ્ટમાંથી ખાતર બનાવી શહેરના બાગ બગીચાઓને હરિયાળા કરાય છે

શહેરના મોટા મંદિરોમાંથી રોજે રોજ સુકાયેલા ફૂલ, પુષ્પમાળા એકત્રિત કરવામાં આવે છે. આ ફ્લાવર્સ વેસ્ટ કોર્પોરેશનના સેન્ટ્રલ અને કતારગામ ઝોન વિસ્તારમાં કાર્યરત કરવામાં આવેલા બે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટમાં લાવી તેમાંથી ખાતર બનાવાય છે. આ ખાતરથી કોર્પોરેશનના દરેક ઝોન એરિયામાં સ્થિત બાગ બગીચામાં ઝાડ છોડને પોષણ આપી બાગ બગીચાઓને હરિયાળા કરવા સાથે પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રદાન આપી રહી છે.

## ગણેશ વિસર્જન વેળા ભગવાનના વાઘા મળે તેમાંથી ઓર્નામેન્ટ બનાવાય છે



દિવાળીના તહેવારમાં ઘરની સાફ સૂફી થતી હોય ત્યારે જે જૂના કપડાં નીકળે તે કોર્પોરેશન મેળવે છે. લોકો પોતાના આખા એપાર્ટમેન્ટના વાપરવામાં નહીં આવતા હોય તેવા ઘણા કપડાં ભેગા થયા હોય તે ટોલ ફ્રી નમ્બર પર જાણ કરતાં કોર્પોરેશનની ગાડી આવીને કલેક્ટ કરી જાય છે. ગણેશ ઉત્સવ અને ગણેશ વિસર્જન દરમિયાન ઘણું ફ્લાવર કલેક્શન થતું હોય તેમાંથી ખાતર બનાવવામાં આવે છે અને વિસર્જન સમયે ભગવાનના જે વાઘા મળે તે કલેક્ટ કરી તેમાંથી સ્વ સહાય જુથની મહિલાઓ ઓર્નામેન્ટ બનાવે છે.

## દૂધની પ્લાસ્ટિકની થેલીઓ સહિતના પ્લાસ્ટિકમાંથી રોડ, ફર્નિચર, ફેબ્રિક બને છે



શહેરમાંથી દૂધના પેકેજીંગ માટેની પ્લાસ્ટિકની થેલીઓ, અન્ય પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ SMC રોડ બનાવવા માટે કરી રહી છે. પ્લાસ્ટિક વેસ્ટ રિસાયકલિંગ કરીને શહેરમાં 38.680 કિ.મી.ના 30 રોડ બનાવ્યા છે. વેસ્ટને પ્રોસેસ કરી ગોળ ગોળ દાણા (પેલેટ) બનાવાય છે જે કાપડ ઉદ્યોગમાં ફેબ્રિક બનાવવા, પ્લાસ્ટિકની ખુરશીઓ અને અન્ય ફર્નિચર બનાવવા ફર્નિચર ઉદ્યોગમાં આપવામાં આવે છે. આ પ્રોસેસ કરેલા વેસ્ટમાંથી ડ્યુરેબલ પ્લાસ્ટિકની વસ્તુઓ પણ બનાવાય છે. આ રીતે પ્લાસ્ટિક વેસ્ટનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ કરાય છે.

## હોટેલમાંથી નીકળતા ભીના કચરામાંથી રોજ કમ્પ્રેસડ બાયોગેસ ઉતપન્ન કરાય છે



બહુ ઓછા સુરતીઓને ખબર હશે કે SMC કચરામાંથી પણ કમ્પ્રેસડ બાયોગેસનું ઉત્પાદન કરી રહી છે. 400થી વધુ હોટેલ્સ, રેસ્ટોરન્ટ અને APMC માર્કેટમાંથી ભીનો કચરો મેળવી તેનું સેગ્રીગેશન કરીને શુદ્ધ ઓર્ગેનિક વેસ્ટ છૂટો પડે તેને પ્રોસેસ કરી આ પ્રકારનો રોજનો એક ટન બાયોગેસ ઉતપન્ન કરાય છે તેમાંથી ઉપપેદાશ ઉચ્ચ ગુણવત્તાવાળા ઓર્ગેનિક ફર્ટિલાઈઝર મેળવાય છે. આ ગેસ IOCLને આપવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. આ ગેસ પેટ્રોલિયમ ઈંધણનો શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે. આ ઉપરાંત કન્સ્ટ્રકશન અને ડીમોલિશન વેસ્ટ એટલે કે કન્સ્ટ્રકશન સાઈટ પરનો અને જૂની ઈમારતો ડીમોલિશન કરતા જે વેસ્ટ નીકળે તેને પ્રોસેસ કરીને રેતી અને માટી પુનઃ પ્રાપ્ય કરાય છે અને ત્યારબાદ તેનો ઉપયોગ ઈંટ પેવર બ્લોકસ વગેરે માટે કાચા માલ તરીકે કરાય છે.

## અનોખી પહેલ 'વેસ્ટ થી વેલ્થ' તરફ આગળ વધી પર્યાવરણ સંરક્ષણ સાથે લોકોના ચહેરા પર સ્મિત લવાય છે



SMCના આરોગ્ય અધિકારી ડૉ. પ્રદીપ ઉમરીગરે જણાવ્યું કે, કોર્પોરેશનની અનોખી પહેલ વેસ્ટ થી વેલ્થ તરફ આગળ વધવાની સાથે પર્યાવરણ સંરક્ષણ, સંસાધનોનો સદુપયોગ અને જરૂરિયાતમંદોના સહાયથી તેમના ચહેરા પર સ્મિત લાવવાના હેતુઓ સિદ્ધ કરી રહી છે. 5R (Reduce, Reuse, Recycle, Refuse, Repair) સેન્ટર, બાયો-CNG પ્લાન્ટ અને વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ જેવી પહેલ દ્વારા કચરાને મૂલ્યવાન સ્રોતમાં પરિવર્તિત કરી સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

---

# સૂરતનાં ઇતિહાસની સૌથી મોટી આગ અને ચૈત્રી હવનનું રહસ્ય

**સુરતના ઈતિહાસની સૌથી મોટી આગ! પણ લાગી કઈ રીતે? શું તમે જાણો છો કે ૧૮૮૯ની એ કાળઝાળ બપોરે કઈ નાની ભૂલે મોટાભાગના શહેરને રાખમાં ફેરવી દીધું હતું? કેવી રીતે ભભૂકેલી આગમાં દારૂના પીઠાએ ઘી હોમવાનું કામ કર્યું? આજે પણ તળ-સુરતના ખૂણે-ખૂણે થતા 'ચૈત્રી હવન'ની૧૩૭ વર્ષ જુની પરંપરા માટે આ ભયાનક આગ કેવી રીતે નિમિત્ત બની? આજથી શરૂ થતાં આ વિભાગમાં સુરત તથા આસપાસના વિસ્તારના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરતી આવી અનેક ગાથાઓ વાંચવી ગમશે....**



સૂરતમાં ચૈત્ર મહિનો આવતાં જ આખું શહેર ભક્તિના રંગે રંગાઈ જાય છે. સૂરતનાં ચૌરેચૌટે, દરેક સોસાયટી, દરેક શેરી, દરેક વિસ્તારમાં નવચંડી હવન કરવામાં આવે છે, જેમાં સૂરતનાં લોકો ઉત્સાહભેર ભાગ લે છે. પણ આ હવનની પરંપરા સૂરતમાં કેમ શરૂ થઈ? તેનું કારણ છે એક સમયે સૂરતમાં લાગેલી સૌથી મોટી આગ...

સોળમી અને સત્તરમી સદીમાં સૂરત જે 'બંદર મુબારક' તરીકે ઓળખાતું તે તેની સમૃદ્ધિ અને આબાદીની ટોચે હતું. સૂરતની પડતી અને વિનાશનું એક કારણ આગજની અને રેલ પણ છે. સૂરતમાં ચાર-પાંચ આગ "મોટી આગ" તરીકે ઓળખાય છે. તેમાં વિક્રમ સંવત ૧૯૪૫ ચૈત્ર સુદ છઠ ને ઈ.સ. ૧૮૮૯નાં એપ્રિલ મહિનાની છઠ્ઠી તારીખે બપોરે બે વાગ્યે સૂરતમાં જે આગ લાગી હતી, તેણે લગભગ આખાં સૂરત શહેરને ગ્રસી લીધું હતું અને આગ બાદ નુકશાનીમાંથી ઊભાં થતા સૂરતની કેડ વળી ગઈ હતી.

*સંવત ઓગણીસે પીસ્તાલીસે,*
*ચૈત્ર માસ એપ્રિલ જી,*
*સુદ રે છઠ છઠ્ઠી તારીખે,*
*શનિએ મચાવ્યો ખેલ જી.*
*બરાનપૂરી રે ભાગોળે, દિનના*
*ત્રણ કલાક જી,*
*અગ્નિદેવ પ્રગટ થયા, લેવા*
*સૂરતનું નાક જી.*
*દીનશાનો કાટ સળગાવીને,*
*બંગડીવાડ કરી નાશ જી.*

કૃપાશંકર મોતીરામ વ્યાસજી એ આ આગનો ઉલ્લેખ પોતાની ગરબીમાં પણ કર્યો છે.

સૂરતના માછલીપીઠ વિસ્તારમાં દીનશાજી મંચેરજી રૂવાલાનું બરાનપુરી ભાગળ એટલે કે હાલના શાક માર્કેટ સામે લાકડાનું પીઠું હતું. તેના પીઠામાં તેમનો ઉકો નામનો નોકર બપોરે બે વાગ્યાના સુમારે ડામર ઉકાળવા બેઠો હતો, તેમાંથી કોઈક ગફલતથી આગ લાગી ગઈ. મંચેરશાની દુકાનની સાથે સાથે બીજી દુકાનોનો પણ આગે ભરડો લઈ લીધો. આ મંચેરજીની દુકાનની બરાબર પાછળ દારૂનું પીઠું હતું; ત્યારે ગુજરાતમાં દારૂબંધી ન હતી. મહુડાનો ચોખ્ખો દારૂ પીને અગ્નિદેવે તાંડવ નૃત્ય શરૂ કર્યું. ત્યાં બંગડી વેચનારા મણીઆરા તેમજ ચૂડી ઘડનારા ચૂડગરોની દુકાનો હોવાથી આ વિસ્તાર ત્યારે બંગડીવાડ તરીકે ઓળખાતો હતો. જોતજોતાંમાં સાંજ પડતા સુધીમાં રૂવાલા ટેકરો, કંસારાવાડ, બુંદેલાવાડ અને હરિપરા બધો વિસ્તાર ભડકે બળતો થઈ ગયો હતો. એ આગના ભડકા ૨૦ માઈલ દૂરથી પણ દેખાતા હતા. મ્યુનિસિપાલીટીના બંબા અને પીપ કામ ના લાગ્યા; તો ત્યારે આગ કાબૂમાં લેવા વડોદરાથી કલેકટર ગિબ્સને બંબો મંગાવવો પડ્યો હતો.




બંબાનું બ્યુગલ સંભળાતા સૂરત શહેરના નિષ્ઠાવાન નાગરિકો જાગૃત થઈ ગયા. સૂધરાઈ ખાતાના નન્નુમિયાં જેમને સૂરત અને સૂરતનાં લોકો પ્રત્યે અનેરો પ્રેમ હતો; તેઓ તરત દોડી આવ્યા. ઉપરાંત નાનાભાઈ ફોજદાર, બડમૂછાળા નામે જાણીતાં ગુલાબદાસ વકીલ, કાળાભાઈ પણ શહેરને આગની લપટમાંથી બચાવવા જીવની પરવા કર્યા વિના પ્રયાસો આદર્યા. ગુલાબદાસજીએ લોકોના મકાનોમાં જઈ લોકોને પોતાના કૂવા અને ટાંકા ખુલ્લાં મૂકવા સમજાવ્યા. ત્યારે ધાર્મિક કારણોસર અને આખું વર્ષ લોકો આ ટાંકાનું જ પાણી વાપરતા હોવાથી તેમને સમજાવવા એ સરળ કામ ન હતું. જબરદસ્તખાન અને હરિલાલ નામના સજ્જનોએ પોતાની નાણાની થેલી ખોલી અને એક બેડું પાણી લાવનારને એક એક આનો આપવા માંડ્યો.

એ આગ જેમ ઓલવાઈ ત્યાં જ બીજા દિવસે બપોરે ૧૧ વાગ્યે સલાબતપરામાં ફરી આગ સળગી ઊઠી, ત્યાં પચાસેક ઘરને પોતાની લપટોમાં લઈને સગરામપરાના ભંડારીના ઘરે આગના ભડકા દેખાયા અને એમાંથી રૂસ્તમપરા પારસીવાડ સળગી ઉઠ્યું. ૪૦ ઘરો સળગી ગયા પછી આગ ઠરી. સૂરતના આશરે ચાર હજાર મકાનોનો ભરડો લઈ શાંત આગ પંદર દિવસે શાંત થઈ હતી. લોકોએ ઘણાં દિવસ ખુલ્લામાં કાઢ્યા હતા. એક જગ્યાએ આગ ઓલવ્યા બાદ બીજી જગ્યાએ તરત જ આગ ભભૂકી ઊઠતી હતી.

આ બધી આગ ચમત્કારિક રીતે જે પણ સૂરતનાં માતાજીનાં મંદિરો હતાં ત્યાં આવી અટકી ગઈ હતી એટલે સૂરતી શહેરીજનો એવું માનતા હતા કે આ માતાજીનો કોપ ઉતર્યો છે. દાળિયાશેરીના નાકે મહાલક્ષ્મી માતા અને બહુચર દયાળી, ધોબીશેરીમાં ખોડિયારમાતા, રૂસ્તમપુરામાં આશાપુરીમાતા, ડબગરવાડમાં રેણુકામાતા, લાડશેરીમાં મહાલક્ષ્મીમાતા, રામપરામાં સતીમાતા અને ગોળવાલાના ચકલે બાલા ત્રિપુરાસુંદરી બહુચરા માતાજીએ સૂરતના કેટલાક વિસ્તારોને બચાવી લીધાં તેથી લોકોમાં એવી શ્રધ્ધા દઢ થઈ કે જ્યાં માતાજીનાં સ્થાનક છે ત્યાં આગ અટકી ગઈ છે. શહેરના બધાં જ ધર્મનાં, બધાં જ સંપ્રદાયનાં લોકોએ વિદ્વાન બ્રાહ્મણોને આગળ કરી માતાજીને પ્રસન્ન કરવા માતાજીની સ્તુતિ કરી અને ત્યારથી સૂરતનાં ચૌરે અને ચૌટે, દરેક વિસ્તારમાં, દરેક જ્ઞાતિ દ્વારા, હોમ- હવન કરવાની પ્રથા ચાલુ થઈ અને એ પ્રથા આજે પણ ચાલુ છે. સૂરતનાં નવા વિકસેલા વિસ્તારોમાં પણ આ ચૈત્રી હવન અને ભંડારો કરવામાં આવે છે અને માતાજીની સૂરત શહેર પર અમી દ્રષ્ટિ રહે એ માટે પ્રાર્થના કરવામાં આવે છે. આજે જ્યારે સૂરત શહેર ફરી વારેવારે જે આગની લપટોમાં ફસાઈ છે ત્યારે માતાજીને એટલી જ પ્રાર્થના છે કે જેમ સૂરતને ત્યારે બચાવી ઊભું કર્યું હતું એમ સૂરતનાં દરેક શહેરીજનો પર તમારી કૃપાદ્રષ્ટિ દાખવી દરેક મુસીબતથી બચાવજો.


---

મેરી સૂરત દેખો આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## જ્યાં ટ્રાયલ રનથી ખુશ થઈ ગયાં સુરતીઓ, ત્યાં કેટલી જરૂર હશે મેટ્રોની...




થઈ ગયું છે સુરત શહેર મેટ્રો પણ ક્યારે દોડશે ટ્રેન મેટ્રો... ટ્રાફિક જામમાં પિસાઈ રહ્યો છે પ્રત્યેક સુરતી અને તેથી જ તેને જોવાની ઈચ્છા છે મેટ્રોને દોડતી... થયો માત્ર ટ્રાયલ રન પણ ખુશ થઈ ગયા સુરતીઓ... વિચારો કેટલી જરૂર હશે સુરતમાં મેટ્રોની, એસીના ડબ્બામાં સુરતીઓને બેસવાની... ભલે હોય મેટ્રોના ત્રણ જ ડબ્બાં, પણ જ્યારે ચાલશે ત્યારે સુરતીઓને થશે બખ્ખાં...